
પૂર્વકથા


# નાગયજ્ઞનો આરંભ



હસ્તિનાપુરના રાજા પરીક્ષિત કુરુવંશના કુલદીપક હતા. એમણે પોતાના મહાન સામ્રાજ્યના મુખ્ય નગરની મધ્યમાં આવેલા એક ઊંચા મહેલમાં સ્વયંને કેદ કરીને એકાંતવાસ સ્વીકારી લીધો. એ પોતાની પત્નીઓ અને બાળકોની સાથે-સાથે પ્રજાથી પણ દૂર થઈ ગયા હતા. એ અત્યંત ભયભીત હતા. લગાતાર રાત-દિવસ એ એક છેડેથી બીજે છેડે આંટા મારી રહ્યા હતા. ન ભોજનમાં એમનું ચિત્ત હતું કે ન એમને નિદ્રા આવતી હતી. ચારણોને એમની પાસે મોકલવામાં આવ્યા જેથી અમુક વાર્તાઓ કહીને એમની મન અને મસ્તિષ્કને શાંતિ મળે, પરંતુ એમનો ભય કોઈ રીતે એમને મુક્ત થવા દેતો નહોતો.

નગરના માર્ગો પર દંતકથાઓનું બજાર ગરમ હતું, 'આપણા રાજાના પિતામહ અર્જુન મહાન હતા, જેમણે કુરુક્ષેત્રમાં કૌરવોને પરાજિત કર્યા હતા. રાજાના પિતા અભિમન્યુ હતા, જેમણે એકલા હાથે યુદ્ધમાં ચક્રવ્યૂહ ભેદીને પ્રવેશ કર્યો હતો. આવા સમર્થ પૂર્વજો હોવા છતાં આપણા રાજા ભયભીત શા માટે છે? એમની યુદ્ધકથાઓ પ્રચલિત છે તેમ છતાં એમણે ભયભીત થઈને એકાંતવાસ શા માટે સ્વીકાર્યો છે.'

'સાત દિવસમાં સર્પદંશથી મારું મૃત્યુ થશે એવો મને અભિશાપ છે.' રાજાએ અંતે વાત જાહેર કરી દીધી. 'એમને મારાથી દૂર રાખો, એક પણ સુંવાળો, સરકતો સાપ મારી નિકટ ન આવવો જોઈએ. હું મૃત્યુ નથી ઇચ્છતો.' મહેલના પ્રત્યેક દ્વાર પર, બારીઓ પર, ચોકીદાર સતત પહેરો ભરી રહ્યા હતા. રાજાની દિશામાં દૃષ્ટિ કરનાર દરેક સાપને મારવા તૈયાર હતા એ. મિનારમાં પ્રવેશ કરનાર એક-એક વસ્તુની તપાસ કરવામાં આવતી હતી. નાગ ક્યાંય પણ સંતાઈ શકે!




છ રાત પછી સાતમા દિવસે ભૂખથી પીડિત પરીક્ષિતે એક ફળને બટકું ભર્યું. એમાં એક નાનકડો કીડો સંતાયેલો હતો, જે તરત જ ભયાવહ નાગમાં પરિવર્તિત થઈ ગયો, એ તક્ષક હતો.

તક્ષકે પોતાની ફેણ ફેલાવી અને પરીક્ષિતની ત્વચામાં પોતાના ઝેરી દાંત ઘુસાડી દીધા. ઝેર ઝડપથી ફેલાઈ ગયું. પરીક્ષિત દર્દથી વિચલિત બૂમો પાડવા લાગ્યા, પરંતુ એમની મદદે કોઈ ચોકીદાર આવે એ પહેલાં જ એમનું મૃત્યુ થઈ ચૂક્યું હતું અને નાગ ચૂપચાપ ત્યાંથી સરકી ગયો હતો.

પરીક્ષિતનો દીકરો, જનમેજય ગુસ્સામાં લાલ-પીળો થઈ ગયો. એણે કહ્યું, 'હું મારા નિરપરાધ પિતાની હત્યાનો પ્રતિશોધ લઈશ. એણે પોતાના રાજ્યના સર્વ બ્રાહ્મણોને સર્પસત્ર આરંભ કરવાનો આદેશ આપ્યો. આ એવો યજ્ઞ છે જેમાં પૃથ્વી ઉપર અને પૃથ્વીની અંદર વસતા તમામ સાપોને નષ્ટ કરવાનું સામર્થ્ય છે.

હસ્તિનાપુરના મધ્યમાં તરત જ યજ્ઞ આરંભ થયો અને એમાંથી રાખોડી ધુમાડો આકાશ તરફ ફેલાવા લાગ્યો. યજ્ઞની વેદી પર ચારેતરફ બેઠેલા સેંકડો બ્રાહ્મણો, પૂજારી અને વેદના જ્ઞાતાઓ અગ્નિને વધુ ને વધુ તેજસ્વી અને ભયાનક બનાવવા માટે એમાં ચમચા ભરી-ભરીને ઘી હોમી રહ્યા હતા. એ સૌ વિચિત્ર જાદુઈ ઋચાઓ ઉચ્ચારી રહ્યા હતા, એવી અદશ્ય શક્તિઓનું આહ્વાન કરી રહ્યા હતા જે નાગોને ધરતી ઉપર અને ધરતીની નીચે આવેલા એમના દર કે રાફડામાંથી ખેંચીને અહીં પ્રજ્વલિત અગ્નિ સુધી લઈ આવે. હસ્તિનાપુરના આકાશ પર ચારેતરફ સાપ અને માત્ર નાગ દેખાતા હતા, જે યજ્ઞવેદી તરફ ખેંચાઈને આવી રહ્યા હતા. ચારેતરફ જીવિત સળગી રહેલા સાપોની હૃદયવિદારક ચીસો ગુંજી રહી હતી. કેટલાક લોકોને અત્યંત દયા આવતી હતી અને તેઓ બૂમો પાડી રહ્યા હતા, 'આ અયોગ્ય સંહાર છે', કેટલાક જનમેજયને સાચો ઠરાવતા પોતાના તરફથી બૂમો પાડી રહ્યા હતા, 'આપણા રાજાની હત્યાનો દંડ તો ભોગવવો જ પડશે.'

ત્યારે જ ક્ષિતિજમાં કોઈ યુવકનો અવાજ સંભળાયો, 'અટકી જાઓ રાજન! આ અધર્મ છે.'



જનમેજયે ગર્જના કરી, 'મારા પર અધર્મનો આક્ષેપ કરવાની તારી હિંમત કેવી રીતે થઈ? તું છે કોણ?'

'હું આસ્તિક છું, નાગરાજ વાસુકિનો ભત્રીજો.'

રાજાએ આક્ષેપભર્યા સ્વરમાં કહ્યું, 'સ્વાભાવિક છે કે તું નાગોને બચાવવા માગે છે. તું સ્વયં પણ એક નાગ જ છે.'

'મારા પિતા ઋષિ જરત્કારુ તમારી જેમ માનવ જ હતા. મારી મા નાગવંશી હતી. હું તમારા જેવો પણ છું અને તમારો શત્રુ પણ – માનવ પણ અને નાગ પણ. હું પક્ષપાત નથી કરતો. મારી વાત ધ્યાનથી સાંભળો. અન્યથા તમારા વંશજોમાંથી કોઈને શાંતિ નહીં મળે.'

રાજાએ કહ્યું, 'કહે, હું સાંભળું છું.'

આસ્તિકે કહ્યું, 'પોતાના મૃત્યુના સાત દિવસ પહેલાં તમારા પિતા શિકાર કરવા ગયા હતા, ત્યારે એમને તરસ લાગી. એમણે વટવૃક્ષની નીચે બેઠેલા એક સાધુને જોયા અને એમની પાસે પીવા માટે જળ માગ્યું, પરંતુ સાધુ ગહન સમાધિમાં હતા એટલે રાજાની વિનંતીનો કોઈ ઉત્તર આપી શક્યા નહીં. ક્રોધિત થઈને પરીક્ષિતે પોતાની તલવારથી એક નિકટ પડેલા મરેલા સાપને ઉપાડીને સમાધિસ્થ ઋષિના ગળામાં નાખી દીધો. દૂરથી આ જોઈ રહેલા ઋષિના શિષ્યથી પોતાના ગુરુનું અપમાન સહન ન થયું. એમણે પરીક્ષિતને શાપ આપ્યો કે 'સાત દિવસની અંદર એ સર્પદંશથી મૃત્યુ પામશે. જનમેજય, પહેલાં એ સમજો કે તમારા પિતાએ પોતાના મૃત્યુને સ્વયં આમંત્રિત કર્યું હતું.'



'અને તક્ષક? એણે જ મારા પિતાને ડંખ માર્યો એનું શું કારણ?'

આસ્તિકે એ સમયે બીજી કથા સંભળાવી, 'ઘણાં વર્ષો પહેલાંની વાત છે. તમારા પ્રપિતામહ અર્જુને ઇંદ્રપ્રસ્થ નગર વસાવવા માટે ભૂમિ પ્રાપ્ત કરવાના હેતુથી ખાંડવપ્રસ્થ નામનું નગર સળગાવીને નષ્ટ કરી નાખ્યું. એ વનમાં અનેક નાગ રહેતા હતા. એ સૌ નાગ પણ જંગલની આગમાં બળીને મૃત્યુ પામ્યા. એનાથી તક્ષક અને બીજા નાગો ઘરબાર વગરના અને અનાથ થઈ ગયા. તક્ષકે ત્યારે જ અર્જુન અથવા એના વંશજ ઉપર પ્રતિશોધ લેવાની પ્રતિજ્ઞા કરી હતી. તમારા પિતાની હત્યા કરીને એણે પોતાનો પ્રતિશોધ પૂરો કર્યો. હવે તમારી બલિવેદી પર જે રીતે નાગને ભસ્મ કરવામાં આવી રહ્યા છે એના ફળસ્વરૂપે બીજા અનેક નાગો અનાથ થઈ જશે. ફરી એક વાર પ્રતિશોધનો અગ્નિ પ્રજ્વલિત થશે. તમે એ જ કરી રહ્યા છો જે તમારા પૂર્વજોએ કર્યું હતું અને તમારે પણ એમની જેમ જ કષ્ટ અને અભિશાપનો સામનો કરવો પડશે. રક્તપાત થશે અને કુરુક્ષેત્રની જેમ અનેક વિધવાઓ ફરી વિલાપ કરશે. જનમેજય, શું સાચે જ તમે આવું ઇચ્છો છો?'

આસ્તિકનો પ્રશ્ન યજ્ઞશાળામાં ગુંજવા લાગ્યો. મંત્રોચ્ચાર અટકી ગયો. અગ્નિની જ્વાળા સ્થિર થઈ ગઈ. સૌની પ્રશ્નવાચક દૃષ્ટિ રાજા પરત્વે નોંધાઈ, સભામંડપમાં સ્મશાનવત્ શાંતિ પ્રસરી ગઈ.

જનમેજયે પોતાના ખભા ઉલાળ્યા અને વિશ્વાસપૂર્વક ઉત્તર આપ્યો, 'હું તો આ બધું ન્યાય મેળવવા માટે કરી રહ્યો છું.'

આસ્તિકે પણ આ તકને ગુમાવ્યા વગર પ્રતિવાદ કર્યો, 'તક્ષકે પણ તમારા પિતાનો વધ ન્યાયપ્રાપ્તિ માટે કર્યો. તમે પણ નાગોનો સંહાર ન્યાયપ્રાપ્તિ માટે કરી રહ્યા છો. તમે આ યજ્ઞ દ્વારા જેને અનાથ કરશો એ પણ પોતાનો ન્યાય મેળવવાનો પ્રયાસ કરશે. ન્યાયની પરિભાષા કોણ નક્કી કરે? પ્રતિશોધની આ અવિરત શૃંખલાનો અંત કેવી રીતે થાય જો પ્રત્યેક પક્ષ એમ જ વિચારે કે એ જે કરે છે તે સાચું છે અને અપરાધ હંમેશાં એના પ્રતિદ્વંદ્વીનો જ હોય.'

જનમેજય ચૂપ રહ્યો, એણે આસ્તિકની વાત પર વિચાર કર્યો, એ પછી એણે સહેજ સંકોચ સાથે ધીમા અવાજે પૂછ્યું, 'પાંડવોએ કૌરવો સાથે જે યુદ્ધ કર્યું એ ન્યાય મેળવવા માટે નહોતું કર્યું?'

આસ્તિકે પ્રત્યુઉત્તર આપ્યો, 'ના મારા રાજન. એ યુદ્ધ ધર્મ માટે લડવામાં આવ્યું હતું અને ધર્મનો અર્થ ન્યાય નથી. ધર્મનો સંબંધ માનવીય સંવેદના અને જ્ઞાન સાથે છે. ધર્મનું ધ્યેય કોઈને પરાજિત કરવાનું નથી, એમાં તો સ્વયં પર વિજય મેળવવો જરૂરી છે. ધર્મમાં સહુ વિજય થાય છે. કુરુક્ષેત્રનું યુદ્ધ સમાપ્ત થયા પછી કૌરવો પણ સ્વર્ગમાં જ ગયા.'

'શું!' જનમેજયને આશ્ચર્ય થયું.

'હા! તમે અને તમારા પૂર્વજો દ્વારા ખલનાયક બનાવીને અત્યંત અપયશ આપવા છતાં કૌરવ પણ સ્વર્ગમાં જ પહોંચ્યા. એ સ્વર્ગ જ્યાં સતત આનંદ છે અને જ્યાં દેવો નિવાસ કરે છે.'